

# પરિષદવૃત્ત

સંકલન : રાજેન્દ્ર પટેલ

## ગુજરાતી સાહિત્ય પરિષદનાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯નાં પારિતોષિક

| ક્રમ | પારિતોષિકનું નામ | નિર્ણાયક | પુસ્તકનું નામ | પારિતોષિક મેળવનાર |
|---|---|---|---|---|
| ૧. | શ્રી ભગિની નિવેદિતા | શ્રી ઇલાબહેન નાયક | હે 'દીપ' તવ ચરણે | ડૉ. સુધા દિલીપ શાહ |
| | | | ધોધમાર | ડૉ. રેણુકા પટેલ |
| ૨. | શ્રી અરવિંદ (સુવર્ણચંદ્રક) | શ્રી બારીન મહેતા | સુન્દરમ્ : પૂર્ણયોગના પ્રકાશમાં | શ્રી કિરીટ ઠક્કર |
| ૩. | શ્રી ઉમા-સ્નેહરશ્મિ | શ્રી પ્રકાશ ન. શાહ | બરડાના ડુંગર | શ્રી પ્રવીણ પંડ્યા |
| ૪. | શ્રી કાકાસાહેબ કાલેલકર | શ્રી ભોળાભાઈ પટેલ | ગાંધીયુગના શીલધર્મી કર્મવીરો | શ્રી મનુ પંડિત |
| ૫. | શ્રી બટુભાઈ ઉમરવાડિયા | શ્રી પ્રવીણ પંડ્યા | કાન્તા કહે | શ્રી મધુ રાય |
| ૬. | શ્રી પ્ર. ત્રિવેદી | શ્રી સુરેન્દ્ર શુક્લ | અનુભવની એરણ પર | શ્રી મનસુખ સલ્લા |
| ૭. | શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા | શ્રી દિનેશ શુક્લ | અનુભવની એરણ પર | શ્રી મનસુખ સલ્લા |
| ૮. | શ્રી જ્યોતીન્દ્ર હ. દવે (હાસ્ય) | શ્રી હરિકૃષ્ણ પાઠક | બત્રીસ કોઠે હાસ્ય | શ્રી ઉર્વીશ કોઠારી |
| | | | સુશીલા | શ્રી હરનિશ જાની |
| ૯. | શ્રી બી. એન. માંકડ (વિજ્ઞાન) | ડૉ. પરંતક પાઠક | વિજ્ઞાનની રસપ્રદ વાતો | શ્રી ભરત એલ. શાહ |
| ૧૦. | શ્રી રામપ્રસાદ પ્ર. બક્ષી | શ્રી ધીરુ પરીખ | ભાવચર્યા | શ્રી ચિમનલાલ ત્રિવેદી |
| ૧૧. | શ્રી તખ્તસિંહ પરમાર | શ્રી ધીરુ પરીખ | ગ્રીનરૂમમાં | શ્રી સૌમ્ય જોશી |
| ૧૨. | શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ | શ્રી મહેન્દ્ર અ. દવે | – | (કોઈને મળતું નથી) |
| ૧૩. | શ્રી નટવરલાલ માળવી | શ્રી ચંદ્રકાન્ત વ્યાસ | પપ્પા એક વાર્તા કહોને ! | શ્રી હેમંત કારિયા |
| ૧૪. | શ્રી ઉશનસ્ | શ્રી સતીશ વ્યાસ | સમુદ્ર કાવ્યો | શ્રી રાજેશ પંડ્યા |
| ૧૫. | શ્રી દિલીપ ચં. મહેતા | શ્રી ચિનુ મોદી | મૌનની મહેફિલ | શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ |
| ૧૬. | શ્રી મહેન્દ્ર ભગત | શ્રી જનક દવે | અંતિમ યુદ્ધ | શ્રી ધ્વનિલ પારેખ |
| ૧૭. | શ્રી રમણ પાઠક ષષ્ઠિપૂર્તિ | શ્રી પ્રબોધ ર. જોશી | આમ થાકી જવું | શ્રી કિરીટ દૂધાત |
| ૧૮. | શ્રી સદ્‌વિચાર પરિવાર | શ્રી પ્રીતિ શાહ | સંબંધ પણ ઉમેરો જરા સારવારમાં | શ્રી શરદ ઠાકર |
| ૧૯. | શ્રી ગોપાળરાવ વિદ્વાંસ | શ્રી મહેન્દ્ર ભટ્ટ | ભૂમિ | શ્રી અરુણા જાડેજા |
| ૨૦. | શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ | શ્રી નીતિ કોઠારી | સાગરપર્વ | શ્રી ગૌરાંગ વૈદ્ય |
| ૨૧. | શ્રી રમણલાલ સોની | શ્રી ચંદ્રકાન્ત વ્યાસ | પર્વતની ટોચે | શ્રી કીર્તિદા બ્રહ્મભટ્ટ |
| ૨૨. | શ્રી સુરેશા મજમુદાર | શ્રી શાલિની ટોપીવાળા | ભૂમિ | શ્રી અરુણા જાડેજા |
| ૨૩. | શ્રી રમણલાલ જોશી | શ્રી રાધેશ્યામ શર્મા | નિબંધબોધ | શ્રી પ્રવીણ દરજી |
| | | | ગુજરાતી નાટક | શ્રી સતીશ વ્યાસ |
| ૨૪. | શ્રી ઉપેન્દ્ર પંડ્યા મહાનિબંધ | શ્રી કુમારપાળ દેસાઈ | સર્જક સિતાંશુ યશશ્ચંદ્ર : કાવ્ય અને નાટ્યસાહિત્ય સંદર્ભે એક અભ્યાસ | ડૉ. દર્શના ઉપાધ્યાય |
| ૨૫. | શ્રી ઉપેન્દ્ર પંડ્યા લલિતનિબંધ | શ્રી ઉષા ઉપાધ્યાય | બોર | શ્રી માવજી મહેશ્વર |
| ૨૬. | શ્રી દિનકર શાહ 'કવિ જય' | શ્રી હર્ષદ ત્રિવેદી | ફૂલ પર ઝાકળના પત્રો | શ્રી યામિનીબેન ગૌરાંગ વ્યાસ |
| ૨૭. | શ્રી દોલત ભટ્ટ | શ્રી મણિલાલ હ. પટેલ | રાજકુમારી ફુલવંતી | શ્રી મરિયા શ્રેસ |
| ૨૮. | શ્રી પ્રિયકાન્ત પરીખ | શ્રી મોહન પરમાર | કુહૂકુહૂ બોલે કોયલિયા | શ્રી લાભશંકર ઠાકર |
| | | | શૂન્યાવકાશમાં પડઘા | શ્રી જયંતિ એમ. દલાલ |
| ૨૯. | શ્રી પંડિત બેચરદાસ જીવરાજ દોશી | શ્રી ચિમનલાલ ત્રિવેદી | – | (કોઈને મળતું નથી.) |
| ૩૦. | શ્રી ભાનુપ્રસાદ પંડ્યા | શ્રી શંભુપ્રસાદ જોશી | બે પંક્તિના ઘરમાં | શ્રી મૂકેશ જોશી |
| ૩૧. | શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી | શ્રી પ્રવીણ દરજી | સમયનો સ્પર્શ | શ્રી પ્રીતિ શાહ |
| ૩૨. | શ્રી રામુ પંડિત | શ્રી હિંમતભાઈ પટેલ | વિત્તપર્વ | શ્રી રોહિત શુક્લ |

| | | | |
|---|---|---|---|
| ૩૩. શ્રી પ્રભાશંકર તેરૈયા | શ્રી અરવિંદ ભાંડારી | ગુજરાતી સહાયકારી ધાતુઓ | ડૉ. પિંકી પંડ્યા |
| ૩૪. શ્રી સર્વોદય આક્ષમ સણાલી કરુણામૂર્તિ ભગવાન મહાવીર ફાઉન્ડેશન | શ્રી કનુભાઈ જાની | સૂર્યલોક | શ્રી પ્રાંજલિ પટેલ |
| ૩૫. શ્રી બી. ટી. ત્રિવેદી (ચર્ચાપત્રી) | શ્રી ડંકેશ ઓઝા | ચર્ચાપત્રી તરીકે | શ્રી નરોત્તમ પલાણ |
| ૩૬. શ્રી ગુજરાત દર્પણ (દરિયાપારના સાહિત્યકાર) | શ્રી પ્રકાશ ન. શાહ | ચાંદ બનકે આના | શ્રી નવીન વિભાકર |

**વર્ષ ૨૦૦૯-૨૦૧૦નાં 'પરબ'નાં પારિતોષિક**

| | | | |
|---|---|---|---|
| ૩૭. શ્રી ચંદ્રકાન્ત ન. પંડ્યા | શ્રી હરિકૃષ્ણ પાઠક | કબીર : કાવ્યપુરુષ (?) સકળ પુરુષ (ફેબ્રુ. ૨૦૦૯) | લાભશંકર પુરોહિત |
| ૩૮. શ્રી ચિ. શિ. ત્રિવેદી પ્રેરિત ન્હાનાલાલ અને રા. વિ. પાઠક શ્રેષ્ઠ કાવ્ય | શ્રી પ્રવીણ દરજી | ચાર કાવ્યો (જાન્યુ. ૨૦૦૯) | ધીરુ પરીખ |
| ૩૯. શ્રી નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન પ્રેરિત શ્રેષ્ઠ નિબંધ | શ્રી અજય રાવલ | બંધુર બંધુર (ઑક્ટો. ૨૦૦૯) | પ્રવીણ દરજી |
| ૪૦. શ્રી નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન પ્રેરિત શ્રેષ્ઠ નવલિકા | શ્રી રાધેશ્યામ શર્મા | ખટાશવિહોણી આંબલી (સપ્ટે. ૨૦૧૦) | શક્તિસિંહ પરમાર |

## શ્રી ધીરેન્દ્ર મહેતાને દિલ્હી, સાહિત્ય અકાદમીનું પારિતોષિક

'છાવણી' નવલકથા માટે શ્રી ધીરેન્દ્ર મહેતાને દિલ્હી સાહિત્ય અકાદમીનું પારિતોષિક જાહેર થયું છે. એમને હૃદયપૂર્વકના અભિનંદન. આ પારિતોષિકના નિર્ણાયકો સર્વશ્રી ધીરુ પરીખ, સિતાંશુ યશશ્ચંદ્ર અને લાભશંકર પુરોહિત હતા.



## સાહિત્યસિદ્ધાન્તશ્રેણી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત યોજાતી વ્યાખ્યાનશ્રેણી પૈકીનું છઠ્ઠું વ્યાખ્યાન 'સંસ્કૃત રંગભૂમિ અને ગ્રીક થિયેટર' વિષય પર ૧૫-૧૦-૨૦૧૦ ને શુક્રવારે સાંજે ૬.૦૨ કલાકે યોજાયું. જેમાં નાટ્યવિદ્શ્રી ડૉ. મહેશ ચંપકલાલે ખૂબ જ ઓછા સમયમાં સંસ્કૃત રંગભૂમિ અને ગ્રીક થિયેટર વિશે અથ્થી ઇતિ સુધીની વિષદ વિચારણા પ્રગટ કરી.

વક્તવ્યના આરંભે મહેશભાઈએ સંસ્કૃત રંગભૂમિની આયોજનાને વિગતવાર ઝીણવટપૂર્વક મૂકી આપી. વળી, મહેશભાઈએ સંસ્કૃત રંગભૂમિ અને ભારતીય પરંપરાની સરખામણી પણ કરી. તેમણે ગ્રીક થિયેટરની વિભાવના રજૂ કરી, સંસ્કૃત રંગભૂમિ અને ગ્રીક થિયેટરમાં આયોજનની દૃષ્ટિએ રહેલી વિશિષ્ટતાને તારવી આપી.

આમ, બંધ નાટ્યગૃહની **સંસ્કૃત રંગભૂમિ** અને નભને છત્ર બનાવીને રચાતા નાટકોનું **ગ્રીક થિયેટર** બંને વિશેનો પરિચય પ્રભાવક રીતે તેમણે રજૂ કરી આપ્યો. પ્રસ્તુત વ્યાખ્યાનનો લાભ સિત્તેરેક શ્રોતાગણશ્રીઓએ લીધો. વ્યાખ્યાનના અંતે પ્રશ્નોત્તરીમાં **શ્રી ભગવાનદાસ પટેલે** 'ગૌરી' નામના આદિવાસી લોકનાટ્યની વાત રજૂ કરી. તેમાં પણ બધાને રસ પડ્યો.

આવાં અવનવાં રસોની સાહિત્ય સિદ્ધાંતશ્રેણીમાં ગુજરાતીના બધા જ અધ્યાપકો જોડાય તો આ વ્યાખ્યાનશ્રેણીને સુંદર 'કલગી' મળી રહે તે ચોક્કસ.

**– વિભા કે. ત્રિવેદી**

## આત્મકથાસત્ર

ગુજરાતી સાહિત્ય પરિષદ અને નારાયણ વિદ્યાવિહાર – ભરૂચના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સફળ આત્મકથાસત્ર.

ગુજરાતી સાહિત્ય પરિષદ અને નારાયણ વિદ્યાવિહાર – ભરૂચના સંયુક્ત ઉપક્રમે તા. ૧૮ અને ૧૯ ઑક્ટોબર ૨૦૧૦ના દિવસોમાં 'આત્મકથા સત્ર' નારાયણ વિદ્યાવિહાર – ભરૂચમાં યોજાયું. જેમાં સાહિત્યસર્જકો, વિવેચકો, આત્મકથાસત્રના રસિક જિજ્ઞાસુઓમાંથી સૌકોઈએ કંઈક – કિમપિ દ્રવ્ય-ઉરે સંચિત કરી લીધું – એટલું 'મધુ' એ આયોજન અને વક્તવ્યોમાં હતું.

ઉદ્ઘાટન બેઠકના અધ્યક્ષ શ્રી ભગવતીકુમાર શર્મા હતા. ઉદ્ઘાટક શ્રી ગુણવંત શાહે આત્મકથાને, કવિ ઑડેનના શબ્દોમાં 'Critical Truthful self-study' તરીકે ઓળખાવીને ભારતીય પરંપરામાં આત્મકથા લેખન-પ્રકાશન માટે ખાસ્સો સંકોચ રહ્યો એવો નિર્દેશ કર્યો હતો. 'સત્યના પ્રયોગો' વિશે કહ્યું હતું કે : 'એ તો મહાત્મા ગાંધી મો. ક. ગાંધી વિશે લખી રહ્યા છે' આત્મકથાકારે આત્મશ્લાઘા, આત્મદયા અને આત્મનિંદાથી બચવાનું હોય છે. અનેક આત્મકથાકારો અને આત્મકથાઓના ઉલ્લેખ સાથે રસપ્રદ અને બોધપદ રીતે આત્મકથાકારના દંભને સૌથી મોટો દુર્ગુણ અને સમતોલ

સત્યકથન નિખાલસતાને સદ્‌ગુણ ગણાવ્યા. પરિષદના મહામંત્રી રાજેન્દ્ર પટેલે ભૂમિકા બાંધતાં 'સત્યના પ્રયોગો'નો ઉલ્લેખ કરી આત્મનિરીક્ષણ, પરીક્ષણ અને આત્મશોધનને આત્મકથાલેખનના હેતુ ગણાવ્યા અને આત્મકથાસત્રના આયોજક રવીન્દ્ર પારેખને ભાવપૂર્વક યાદ કર્યા હતા. શ્રી શિરીષ પંચાલે વિશેષ વક્તવ્ય આપતાં આત્મકથાને એક બાજુ ઇતિહાસ ને બીજી બાજુ સાહિત્ય એમ વચ્ચેનો પ્રકાર ગણાવ્યો. આત્મકથાકારનો 'હું'ની ચર્ચા કરી હતી અને આત્મકથાનાયકનાં અન્યો સાથેના સંબંધોને તે સ્થળ, કાળ અને સમાજ સંદર્ભે જોવા જરૂરી છે એમ જણાવ્યું. 'ઉઠાવગીર' જેવી કૃતિ અને હિટલર ચર્ચિલ અને સ્વાઈંગ જેવા કર્તાઓના ઉલ્લેખોથી પોતાનાં કેટલાંક વિશેષ અવલોકનો રજૂ કર્યાં.

પ્રથમ દિવસની પ્રથમ બેઠકના અધ્યક્ષશ્રી ચંદ્રકાન્ત ટોપીવાળાએ આધુનિક ચિંતકો ફૂકો અને લકાંને ટાંકી, પરંપરાગત હાંસિયામાં રહેલો હું સમષ્ટિના કેન્દ્રમાં આવતો જાય છે, અને નારી, અશ્વેત અને દલિત ઉપેક્ષિત રહ્યા નથી. હકીકતોના ઢગલામાંથી કોઈ એક hesign કે pattern ઉપજાવવા જેટલું કલાકૌશલ આત્મકથાકારે દર્શાવવું રહ્યું. શ્રી મણિલાલ હ. પટેલે વાસ્તવિકતાને હજાર મોઢાવાળી ગણાવીને આત્મકથાકારે તેને સંભાળવી રહી એમ કહ્યું. અને વાસ્તવવાદીનો કલ્પનાવિહાર વાસ્તવમંડિત રહે તે જરૂરી લેખાવ્યું હતું. શ્રી ધીરેન્દ્ર મહેતાએ આત્મકથા અને સ્મૃતિ વચ્ચેનો સંબંધ મનોવિજ્ઞાનની ભૂમિકા પર સાહિત્યવિવેચક તરીકે માર્મિક અવલોકનો રજૂ કર્યાં હતાં. શ્રી શરદ ઠાકરે આત્મકથામાં કથા કેટલે અંશે સ્વીકાર્ય રહે તે વિચારતાં આત્મકથાનું સત્ય-હકીકતના કથનમાં 'કલા હોવી જોઈએ' એમ ગઝલો ટાંકીને દર્શાવ્યું હતું. શ્રી નરોત્તમ વાળંદે આત્મકથા અને હાસ્યની વાત કરતાં અનેક ટુચકાઓ રજૂ કર્યા હતા.

પ્રથમ દિવસની બીજી બેઠકમાં આત્મકથાકારોએ કેફિયત રજૂ કરી હતી. અધ્યક્ષ શ્રી ગુણવંત શાહે 'બિલ્લો ટિલ્લો ટચ', શ્રી ચંદ્રકાન્ત શેઠે 'ધૂળમાંની પગલીઓ', શ્રી રતિલાલ બોરીસાગરે 'એન્જોયગ્રાફી' અને શ્રી ભગવતીકુમાર શર્માએ 'સુરત મુજ ઘાયલ ભૂમિ' વિશે કેફિયતો આપી હતી.

શ્રી રતિલાલ બોરીસાગરના અધ્યક્ષપદે શ્રી સંધ્યા ભટ્ટે ઉશનસ કૃત 'સદ્‌માતાનો ખાંચો' અને શ્રી દક્ષા વ્યાસે જયંત પાઠક કૃત 'વનાંચલ' વિશે વક્તવ્ય આપ્યું હતું. બીજા દિવસની ચોથી બેઠકમાં અધ્યક્ષીય વક્તવ્ય આપતાં શ્રી પ્રવીણ દરજીએ અધ્યક્ષ તરીકે આત્મકથા સ્વરૂપમાં અભ્યાસપ્રાપ્ત સૂઝ દાખવનારાં અવલોકનો રજૂ કર્યાં હતાં. શ્રી જગદીશ ગૂર્જરે 'મારી હકીકત'ની લાક્ષણિકતાઓ છતી કરી આપી. શ્રી રમેશ ઓઝાએ 'સ્મરણયાત્રા' શીર્ષક હેઠળ મરાઠી લેખક ગોપાળ દાંડેકરની 'ભ્રમણકથા'નો પરિચય કરાવ્યો. શ્રી ઋજુતા ગાંધીએ શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકની આત્મકથામાંથી કથાનાયકનું વ્યક્તિત્વ ઉપસાવી આપ્યું હતું. શ્રી અશ્વિન દેસાઈએ 'મણિલાલ નભુભાઈનું આત્મવૃત્તાંત' વિશે કથાનાયકના ચૈતસિક જગતની વિસ્તરતી ક્ષિતિજો અને ઊંચાઈ-ઊંડાઈ વચ્ચેના આશ્ચર્ય-આઘાતપ્રેરક વિરોધ પોતાના વક્તવ્યમાં મૂર્ત કરી આપ્યો.

પાંચમી બેઠકમાં શ્રી જયદેવ શુક્લે 'સત્યના પ્રયોગો'ના કેટલાક ભાગને શુષ્ક ગણાવ્યો,



તો અધ્યક્ષ શ્રી ચંદ્રકાન્ત શેઠે એ મંતવ્યની ફેરતપાસ કરી. શ્રી હિમાંશી શેલતે 'જીવનનાં સંભારણાં'નો પરિચય કરાવતાં સ્ત્રીઓએ આત્મકથા લખવી જોઈએ એવો આગ્રહ સેવ્યો. શ્રી ધ્વનિલ પારેખે 'પંડિત સુખલાલજીની આત્મકથા' અને શ્રી મીનળ દવેએ 'અડધે રસ્તે'ના શ્રી ક. મા. મુનશીને તાદૃશ રૂપે રજૂ કરી એમના 'સ્વ'ને ઉપસાવી આપ્યો. સમાપન બેઠકમાં શ્રી અશ્વિન દેસાઈએ તથા શ્રી કલિકાબહેને પ્રતિભાવો રજૂ કર્યા.

નારાયણ વિદ્યાવિહારના કર્તાહર્તા શ્રી એ. કે. મોદીએ હરખ સાથે આત્મકથા-સત્રની ફલશ્રુતિ સંભળાવતાં પરિષદનું જ્ઞાનસત્ર યોજવાની ઉત્સુકતા દાખવી. આચાર્યશ્રી મહેશ ઠાકર એમના તમામ કર્મચારીઓની તથા શ્રી પ્રકાશ નાયકનાં વૃંદનું સંગીતથી આત્મકથાસત્ર યાદગાર બની રહ્યું.

**ડૉ. અશ્વિન દેસાઈ**

## પાક્ષિકી

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત 'પાક્ષિકી'માં તા. ૧૨-૧૧-૨૦૧૦ના રોજ ભારતીય સાહિત્ય અકાદમી તરફથી પ્રવાસ અનુદાન હેઠળ ગોવાથી કોકણી નિબંધકાર શ્રી નમન સાંવત ગુજરાતની મુલાકાતે આવ્યાં હતાં. તેમણે તેમના નિબંધસંગ્રહ 'મુક્તમન'માંથી નિબંધોનું પઠન કર્યું હતું અને સાથે કોકણી સાહિત્યનો પરિચય કરાવ્યો હતો. શ્રી રાજેન્દ્ર પટેલ અને શ્રી પ્રફુલ્લ રાવલે ગુજરાતી સાહિત્યનો પરિચય કરાવ્યો હતો. ઉપસ્થિત ભાવકોએ નમનજીના નિબંધોનો આસ્વાદ માણ્યો હતો.

## વિશ્વકવિતા કેન્દ્ર અંતર્ગત

વિશ્વકવિતા કેન્દ્ર દ્વારા બુધસભા અંતર્ગત નીચેની તારીખોમાં કાર્યક્રમો યોજાયા હતા.

તા. ૨૯-૯-૨૦૧૦ના રોજ રાજેન્દ્ર પટેલ દ્વારા અમેરિકન કવિ ડેરેક વોલ્કોટ ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તા. ૨૭-૧૦-૧૦ના રોજ પ્રફુલ્લ રાવલ દ્વારા કવિશ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.

## સાબરમતી જેલમાં કાર્યક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા તા. ૬-૧૧-૨૦૧૦ના રોજ સાબરમતી જેલમાં સાહિત્યનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રફુલ્લ રાવલ, મનીષ પાઠક, ભાવેશ ભટ્ટ, દક્ષા પટેલ તથા રાજેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. બંદીવાન ભાઈઓ સમક્ષ હૃદયસ્પર્શી રજૂઆત થઈ હતી. જેમાં કાવ્ય-વાર્તા અને નિબંધ રજૂ કરવામાં આવ્યાં હતાં.

## 'વાંચે ગુજરાત' અંતર્ગત

ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રેરિત 'વાંચે ગુજરાત' અંતર્ગતના કાર્યક્રમો ગુજરાતી

સાહિત્ય પરિષદ અને જિલ્લા ગ્રંથાલય નડિયાદના ઉપક્રમે નડિયાદની બિલોદરાની જિલ્લા જેલમાં હસિતભાઈ મહેતા, હસમુખભાઈ શાહ, પ્રફુલ્લ ભારતીય, હરીશ ઠાકર અને હિતેન્દ્ર જોશીએ કાવ્યપઠન કર્યું હતું. ૮૦૦ જેટલા કેદીઓ તેમાં સહભાગી બની સાહિત્યનો રસાસ્વાદ માણ્યો હતો. તા. ૬-૧૧-૨૦૧૦ને દીપાવલીના પર્વ દિને સુરેન્દ્રનગર સબ-જેલમાં અગ્રણી સાહિત્યકારો સર્વશ્રી ચંદ્રકાન્ત વ્યાસ, રમેશ આચાર્ય, બી. કે. રાઠોડ, તલકશી પરમાર, વિરેન્દ્ર આચાર્ય, પુનિત પંડ્યા, નરેન્દ્ર રાવલ અને દર્શક આચાર્યએ કવિતા અને વાર્તાપઠન કર્યું હતું. તા. ૬-૧૨-૧૦ના રોજ શ્રી ઉત્પલ પટેલના અધ્યક્ષતામાં સર્વશ્રી પ્રાગજીભાઈ ભામ્ભી, ડૉ. પ્રેમજી પટેલ, રમેશ પટેલ 'ક્ષ', શ્રી ફૂલચંદ ગુપ્તા, અરવિંદ ટાંક, પ્રિ. કે. એમ. રાવળ જેવા જાણીતા સાહિત્યકારોએ હિંમતનગર સબજેલમાં પોતાનાં વક્તવ્યો આપ્યાં હતાં. તા. ૬-૧૧-૧૦ના રોજ સુરત સબ-જેલમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી ભગવતીકુમાર શર્માના આશીર્વચન બાદ ધ્વનિલ પારેખના સંચાલન હેઠળ શ્રી રવીન્દ્ર પારેખે હાસ્યલેખ અને અછાંદસ કાવ્ય, બકુલેશ દેસાઈએ સંસ્મરણાત્મક અને હળવો લેખ અને સ્મિતા પારેખે સ્વરચિત નવલિકા રજૂ કર્યાં હતાં. તા. ૨૩-૧૦-૨૦૧૦ના રોજ પાલનપુર સબ-જેલમાં શ્રી દીપક રાવલે કવિ સંમેલનનું આયોજન કર્યું હતું. સર્વશ્રી મુસાફિર પાલનપુરી, મહેશ મકવાણા, પ્રા. એ. ટી. સિંધી કિશોરભાઈ પટેલ અને સમી ઉલ્લાહે કાવ્યપઠન કર્યું હતું. આ ઉપરાંત જેલના કેદીભાઈઓ શ્રી આશિષ પંડ્યા, પ્રવીણ જેઠવા, અમિત સોની અને દિનેશ ઉપાધ્યાયે પણ પોતાની રચનાઓ રજૂ કરી હતી. તા. ૬/૭ ઑગસ્ટ, ૨૦૧૦ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ વિવિધ કૉલેજો અને અનુસ્નાતક ભવનોમાં ૧૪૯ જેટલા વક્તાઓએ 'મને ગમતું પુસ્તક' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. એક સાથે આટલાં સ્થળોએ આ કાર્યક્રમો યોજાયા એના સંયોજકશ્રી નીતિન વડગામા હતા. તા. ૨૦-૭-૧૦ના રોજ શ્રી મનોહર ત્રિવેદીના માર્ગદર્શનમાં શ્રી પ્રવીણભાઈ સરવૈયાએ શ્રી વિષ્ણુપ્રકાશ સ્વામીની વિશેષ ઉપસ્થિતિમાં મરાઠી લેખક વ્યંકટેશ માંડગુલકરની નવલકથા 'બનગરવાડી' વિશેનું વ્યાખ્યાન જે. કે. એલ. કૉલેજ ગારિયાધરમાં હતું અને દાસભાઈ રામાનુજે 'રામાયણ-મહાભારતનાં પાત્રો' વિશે શ્રી વાત્સલ્યધામ લોકશાળા માલપરામાં વક્તવ્યો આપ્યાં હતાં. તા. ૧૨-૮-૧૦ના રોજ પ્રો. અજિત ઠાકોરે કવિભાસ રચિત 'કર્ણભારમ્' નાટક વિશે આર્ટ્સ કૉલેજ આંકલાવમાં વાર્તાલાપ કર્યો હતો.

## સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણીનું સાતમું વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર દ્વારા ગુરુવારે તા. ૯-૧૨-૨૦૧૦ના રોજ સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણીનું સાતમું વ્યાખ્યાન ડૉ. યોગેન્દ્ર વ્યાસે 'સંસ્કૃત શબ્દશક્તિઓ અને પાશ્ચાત્ય શબ્દાર્થવિચાર' વિશે આપ્યું હતું. જેમાં ગુજરાતી સાહિત્યની વિવિધ કૃતિઓનાં ઉદાહરણો આપીને રસપ્રદ ચર્ચા કરી હતી. પરિષદના મહામંત્રીશ્રી રાજેન્દ્ર પટેલે યોગેન્દ્ર વ્યાસનો આગવી રીતે પરિચય આપ્યો હતો. ઈતુભાઈ કુરકુટિયાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.



## ડૉ. વિજય શાસ્ત્રીનું 'આવાગમન' વાર્તાઓ વિશે વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રેરિત શ્રી તારાબહેન મંગળદાસ મહેતા વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૧૫-૧૨-૧૦ના રોજ એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટી મુંબઈમાં ડૉ. વિજય શાસ્ત્રીએ 'આવાગમનની વાર્તાઓ' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.

## 'વિચાર-ગોષ્ઠિ' સુરતમાં ડૉ. અશ્વિન દેસાઈનો વાર્તાલાપ

ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રેરિત વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત 'વિચાર-ગોષ્ઠિ' સુરત દ્વારા તા. ૫-૧૨-૨૦૧૦ના રોજ 'મને ગમતું પુસ્તક' અંતર્ગત ડૉ. અશ્વિન દેસાઈએ 'મણિલાલ ન. દ્વિવેદીનું આત્મવૃત્તાંત'નો આસ્વાદ કરાવ્યો હતો.

## 'મને ગમતું પુસ્તક' અંતર્ગત

ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રેરિત અખિલ હિંદ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા વાચકમંચ દ્વારા આયોજિત 'મને ગમતું પુસ્તક' વાર્તાલાપ અંતર્ગત શ્રેણીનો છઠ્ઠો કાર્યક્રમ તા. ૩-૧૨-૨૦૧૦ના રોજ શ્રી ભગવતીકુમાર શર્માના અધ્યક્ષસ્થાને શ્રી સ્મિતા પારેખે વીનેશ અંતાણીકૃત નવલકથા 'પ્રિયજન'નો આસ્વાદ કરાવ્યો હતો.

## સંતવાણી ઍવૉર્ડ સમારંભ

તા. ૨૩-૧૧-૨૦૧૦ના રોજ ચિત્રકૂટ ધામ, તલગાજરડા ખાતે સંતવાણી ઍવૉર્ડ સમારંભ યોજાયો હતો. કાર્યક્રમની પૂર્વે ભજન સંગોષ્ઠિનું આયોજન હતું જેમાં જેમાં સર્વશ્રી હરિશ્ચંદ્રભાઈએ ભૂમિકારૂપ વક્તવ્ય અને બળવંત જાનીએ ભજન વિચાર અંગેની વૈચારિક પીઠિકા વિશે, નાથાલાલ ગોહિલે 'ભજન સાહિત્યનો ઇતિહાસ', શ્રી નિરંજન રાજ્યગુરુએ 'આરાધ-સ્વરૂપ વિચાર' અને શ્રી ભાણદેવજીએ 'ગંગાસતીની વાણી' વિશે મનનીય વ્યાખ્યાનો આપ્યાં હતાં. અને પૂ. બાપુએ આ પ્રસંગે ઉલ્લાસપૂર્વ વાણીમાં પ્રવચન કર્યું હતું. સંતવાણી ઍવૉર્ડમાં આ વર્ષે આદ્યકવિ નરસિંહ મહેતાને વંદનાના સ્વરૂપે સર્વશ્રી બાલકદાસ કાપડી (દ્વારકા), મીર હાજી કાસમ રાઠોડ (હાજી રમકડું), મુનિરખાન (જૂનાગઢ), વજુભાઈ નાથાભાઈ પરમાર (રાજકોટ)ને ઍવૉર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા.

## શ્રી ચિમનલાલ ત્રિવેદીને એનાયત થયેલો રણજિતરામ સુવર્ણચંદ્રક

ગુજરાત સાહિત્ય સભા તરફથી ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વનું સર્જન-સંશોધન કરનારને અપાતો ૨૦૦૯નો રણજિતરામ સુવર્ણચંદ્રક મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંશોધક અને વિવેચક ડૉ. ચિમનલાલ ત્રિવેદીને સંસ્થાના પ્રમુખ ડૉ. કુમારપાળ દેસાઈના હસ્તે પાંચમી ડિસેમ્બરે ગુજરાત વિશ્વકોશ ભવનમાં એનાયત કરવામાં આવ્યો હતો. ડૉ. કુમારપાળ દેસાઈએ ડૉ. ચિમનલાલ ત્રિવેદીની અભ્યાસનિષ્ઠા અને સંશોધનિષ્ઠાની વિગતે વાત કરી ડૉ. મધુસૂદન પારેખે ડૉ. ચિમનલાલ ત્રિવેદીના સાહિત્યિક પ્રદાન વિશે છણાવટ કરી હતી. ડૉ. ધીરુભાઈ ઠાકરે તેમને મધ્યકાલીન સાહિત્યના વિચક્ષણ વિદ્વાન

તરીકે ઓળખાવ્યા. શ્રી નિરંજન ભગતે ડૉ. ચિમનલાલ ત્રિવેદીના ઉમદા સ્વભાવની વાત કરતાં કહ્યું કે તેમણે કોઈ દિવસ કોઈની પણ ટીકા નથી કરી અને એક નિષ્ઠાથી સાહિત્યોપાસના કરી છે. ડૉ. ચિમનલાલ ત્રિવેદીએ પ્રતિભાવ આપતાં જણાવ્યું કે ભારતીય ભાષામાં મધ્યકાલીન સાહિત્યની કેવી સરસ અને ઉત્તમ રચનાઓ મળે છે. તેની ભૂમિકા બાંધી આપી હતી. સ્વામીશ્રી સચ્ચિદાનંદે આશીર્વચન આપ્યાં હતાં. સંસ્થાની પ્રવૃત્તિ વિશે શ્રી પ્રફુલ્લ રાવલે વાત કરી. આભારવિધિ શ્રી યોગેશ જોષીએ કરી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નલિની દેસાઈએ કર્યું હતું.

## નરસિંહ ઉજંબાનાં બે પુસ્તકોનો લોકાર્પણ સમારોહ

કવિ મિલન, સચ્ચિદાનંદ વિદ્યાલય અને સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે ભરૂચ શહેરની જાણીતી રૂંગટા સ્કૂલના સંસ્કાર ભારતી હૉલમાં તા. ૧૭-૧૧-૨૦૧૦ના રોજ શ્રી રજનીકુમાર પંડ્યા અને ડૉ. ઉષા ઉપાધ્યાયના અતિથિ વિશેષ પદે દક્ષિણ ગુજરાત યુનિ.ના માજી કુલપતિ ડૉ. અશ્વિન કાપડિયાએ 'ઉજંબાનાં પ્રતિનિધિ કાવ્યો' અને શ્રી નયન વાઘેલાએ 'ઉજંબાની શ્રેષ્ઠ વાર્તાઓનું' લોકાર્પણ કર્યું હતું.

## 'વિશાળ વાચનયાત્રા'

ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ. તથા ગુજરાત પુસ્તકાલય મંડળના સ્થાપક અને પુસ્તકાલય પ્રવૃત્તિનો પાયો મજબૂત કરનાર સ્વ. મોતીભાઈ ન. અમીનની જન્મજયંતી પ્રસંગે વડોદરામાં યોજવામાં આવેલી ''વિશાળ વાચનયાત્રા''માં ૨૫થી વધુ શૈક્ષણિક, સેવાભાવી સાહિત્યિક સંસ્થાઓ તથા વડીલોનાં મંડળો અને જાહેર જીવનના આગેવાનો, લોકપ્રતિનિધિઓ જોડાયા હતા. રેલીની પૂર્વ સંધ્યાએ પુસ્તકાલય ક્ષેત્રે વરસોથી નિષ્ઠાપૂર્વક સેવાઓ બજાવતા કાર્યકરોનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રમુખ સ્થાનેથી 'વૃડા'ના અધ્યક્ષ નારણભાઈ વી. પટેલ, પૂર્વ મેયર ભારતીબહેન વ્યાસ, રાજ્ય ગ્રંથપાલ બકુલેશ ભૂતા સહકારી બૅન્કિંગ ક્ષેત્રના અગ્રણી પ્રતાપરાવ ભોઈટેએ પ્રસંગોચિત વક્તવ્યો આપ્યાં હતાં.

## રાષ્ટ્રીય ગ્રંથસપ્તાહ નિમિત્તે

રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહ નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચી. મ. ગ્રંથાલયમાં 'મને ગમતું પુસ્તક' વિશે યોજાયેલ વક્તવ્ય સ્પર્ધામાં શહેરની ૨૫થી ૩૦ જેટલી પ્રાથમિક, માધ્યમિક તથા ઉ. માધ્યમિક શાળાના ૧૩૦ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા ૨૭-૨૮ નવેમ્બર ૨૦૧૦ એમ બે દિવસો દરમિયાન યોજાઈ હતી. આ સ્પર્ધામાં ભાગ લેવા આવેલાં વિદ્યાર્થીઓના વાલીઓ અને શિક્ષકો પણ હાજર રહ્યા હતા. દરેક સ્પર્ધકને પ્રોત્સાહનરૂપે એક પુસ્તક તથા ભાગ લેવા બદલ પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં. સ્પર્ધામાં દરેક બાળકે પુસ્તક અંગે માતૃભાષા ગુજરાતીમાં મૌખિક રજૂઆત કરી હતી. કેટલાંક બાળકો અંગ્રેજી માધ્યમમાં ભણતાં હોવા છતાં ગુજરાતીમાં સુંદર રજૂઆત કરી હતી. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી નટવર પટેલે સેવા આપી હતી. સર્વશ્રી કલ્પનાબહેન પરીખ તથા રમેશભાઈ પટેલ તથા ગ્રંથાલયના કર્મચારી દીપ્તિ શાહ અને ગંગારામ વાઘેલાએ સંચાલન સરસ રીતે કર્યું હતું.

* ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી' અંતર્ગત જાણીતા હિન્દી વ્યંગકાર શ્રી પ્રેમ જનમેજય 'વ્યંગ કે સામાજિક સંદર્ભ' વિષય પર તા. ૨૧-૧-૨૦૧૧ને શુક્રવારે સાંજે વક્તવ્ય આપશે. સૌને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

* તા. ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૧ના દિવસને વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવવાનો હોવાથી આ દિવસે આપના સંપર્કમાં જે કોઈ સંસ્થા હોય તેમનો સંપર્ક કરી ઉજવણીમાં સક્રિય સહકાર આપવા વિનંતી છે.

## માતૃભાષા સંવર્ધન કેન્દ્ર માટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| (૧) | કોહીનૂર ફેબ્રીક્સ પ્રા. લિ., (હ. શ્રી હરેશ મહેતા) | મુંબઈ | ૨,૫૦,૦૦૦.૦૦ |
| (૨) | અનિલાબહેન દલાલ | અમદાવાદ | ૧૦,૦૦૦.૦૦ |

## ગોવર્ધન ભવન નવનિર્માણ માટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| (૧) | ભાવિનકુમાર એ. શાહ | અમદાવાદ | ૧,૦૧,૨૫૦.૦૦ |
| (૨) | ભરતસિંહ વી. વાઘેલા | ગાંધીનગર | ૩૦,૦૦૦.૦૦ |

બંને દાન માટે (હ. શ્રી પાવનભાઈ બકેરી)

## કવિતાના પુસ્તક પ્રકાશન માટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| (૧) | કોહીનૂર ફેબ્રીક્સ પ્રા. લિ. (હ. શ્રી હરેશ મહેતા) | મુંબઈ, | ૨,૫૦,૦૦૦.૦૦ |

### નોંધ :

આ અંક ઉમાશંકર જોશી : કાવ્યાસ્વાદ વિશેષાંક રૂપે પ્રગટ થતો હોઈ આમાં 'સાહિત્યવૃત્ત' સમાવ્યું નથી. જ્ઞાનસત્રનો અહેવાલ તથા અન્ય વિગતો આવતા અંકમાં પ્રગટ થશે.

### ક્ષમાયાચના

'પરબ' ડિસેમ્બર-૨૦૧૦ના અંકમાં પાના નંબર ૫૭થી ૬૦ નવેમ્બર-૨૦૧૦ માસના છપાયા છે. એ બદલ દિલગીરી વ્યક્ત કરું છું.

**તંત્રી**